## કઈ પરિસ્થિતિઓ મા એન્ડોસ્કોપી કરવા માં આવે છે???

- ઊબકા, ઉલ્ટી, પેટનો દુખાવો, ગળે ઉતારવામાં તકલીફ પડવી અને ગેસ્ટ્રોઇટેસ્ટીનલ બ્લીડિંગ ના કારણો શોધવા માટે.
- એનેમિયા, રક્તસ્ત્રાવ, બળતરા અને સોજો, જાડા અને પાચનતંત્ર ના કેન્સર જેવા રોગો અને તકલીફોનું નિદાન કરવા માટે, ઘા, ઇજા કે ગાંઠની પેશીનો એક ટુકડો લેવા, તેની બાયોપ્સી કરવા માટે
- પાચનતંત્રને લગતી અમુક પરિસ્થિતિઓની સારવાર કરવા માટે, જેમકે, અન્નનળી સાંકડી થઇ જવાને કારણે ખોરાક ગળે ઉતારવામાં તકલીફ પડવી.
- જઠુર અને મોટા આંતરડામાં થયેલ મસાઓ કાઢવા માટે.
- એન્ડોસ્કોપીનો ઉપયોગ, ઉપરી પાચનતંત્રમાં અટકાયેલા બાહરી પદાર્થને બહાર કાઢવામાં પણ કરી શકાય છે.

એન્ડોસ્કોપીને ક્યારેક અન્ય પ્રક્રિયાની સાથે કરવામાં આવે છે, જેમ કે અલ્ટ્રાસાઉન્ડ (સોનોગ્રાફી), અલ્ટ્રાસાઉન્ડ કરવાના પ્રોબને એન્ડોસ્કોપ સાથે જોડી દેવામાં આવે છે જેથી અન્નનળી, જઠુર અને હિપેટો બિલિયરી, પેંક્રિયાટીક અંગો (પિત્તનળી, લીવર, પિત્તાશય, સ્વાદુપિંડ, સ્વાદુપિંડની નળી ને તેમણે લગતા અંગો) ની અંદરની દીવાલના ખાસ પ્રકારની છબીઓ લઈ શકાય છે. એન્ડોસ્કોપિક અલ્ટ્રાસાઉન્ડ, સ્વાદુપિંડ અને લોઅર સીબીડી કે કોમન બાઇલ ડક્ટ (સામાન્ય પિત્તનળીનો નીચલો ભાગ) જેવા અંગોની ખાસ પ્રકારના છબીઓ લેવા માટે પણ મદદ કરે છે.

**કોઈ પણ મેડિકલ ઇમર્જન્સીમાં**
**અમારી સમર્પિત હેલ્પ લાઇન પર ફોન કરો.**

# ૭૮૭૮૭૯૭૮૧૯ / ૨૦


ahmedabad institute of medical services

*aiming beyond care*

A Unit of A. Maniar Healthcare Pvt. Ltd.

**એઇમ્સ હોસ્પિટલ, પી.એન.હાઉસ, જેઠાભાઇ પાર્કની સામે,**
**નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭. ગુજરાત.**
**કોન્ટેક્ટ : ૭૮૭૮૭૯૭૮૧૯**
**વેબ: www.aimscare.com  ઈ–મેઈલ: contact@aimscare.com**

# એન્ડોસ્કોપી
## Endoscopy



ahmedabad institute of medical services

*aiming beyond care*

## એન્ડોસ્કોપી એટલે શું?

**શરીરના સામાન્ય કે અસમાન્ય છિદ્ર દ્વારા, શરીરની અંદર જોવા માટે વપરાતી પ્રક્રિયા ને એન્ડોસ્કોપી કહેવાય છે.**

## એન્ડોસ્કોપી શા માટે કરવામાં આવે છે?

પાચનતંત્ર ના ઉપરી અને નીચલા ભાગોને, એટલે કે અન્નનળી, જઠ્ઠર, નાના આંતરડા કે મોટા આંતરડા ને લગતા રોગોના નિદાન માટેની નોન સર્જીકલ (ઓપરેશન વગર થતી) પ્રક્રિયા ને એન્ડોસ્કોપી કહેવાય છે જેનો, શક્ય હોય ત્યારે આ રોગોની સારવાર માટે પણ ઉપયોગ થાય છે.

એન્ડોસ્કોપ દ્વારા પાચનતંત્રમાં જે જગ્યાએ ઘા કે ગાંઠ કે ઇજા થઇ છે, તેનું નિદાન થઇ શકે છે, તેમાંથી બાયોપ્સી માટે ઘા, ઇજા કે ગાંઠની જગ્યાની પેશીઓનો નાનો ટુકડો લઈ શકાય છે અને જરૂર જણાય તો તેની સારવાર પણ કરી શકાય છે. આ પ્રક્રિયા દરમિયાન, પાચનતંત્ર ની અંદરના ચિત્રોને કલર ટીવી મોનિટર પર જોઈ શકાય છે.

### ત્રણ સૌથી સામાન્ય રીતે કરવામાં આવતી એન્ડોસ્કોપિક પ્રક્રિયાઓ આ પ્રમાણે છે:-

### 1. કોલોનોસ્કોપી

આ પ્રક્રિયામાં કોલોનોસ્કોપને (કોલોનોસ્કોપી માં વપરાતું એન્ડોસ્કોપ) ગુદામાર્ગ દ્વારા શરીરમાં દાખલ કરી, કાઇકમ (મોટા આંતરડાનો પ્રારંભિક ભાગ જે નાના આંતરડા સાથે જોડાયેલો હોય છે) સુધી લઈ જવામાં આવે છે, જેથી આખા મોટા આંતરડાની, એટલે કે પાચનતંત્રના નીચલા ભાગની અંદર જોઈ શકાય. જરૂર જણાય તો ત્યાંથી કોઈ પેશીનો નાનો ટુકડો બાયોપ્સી માટે લઈ શકાય કે જે-તે રોગની સારવાર પણ કરી શકાય.

### 2. અપર જીઆઈ ગેસ્ટ્રોસ્કોપી

પાચનતંત્રના ઉપરી ભાગ, અન્નનળી, જઠ્ઠર અને ડ્યુઓડેનમ (નાના આંતરડાનો પ્રારંભિક ભાગ) ની અંદર જોવા માટે આ પ્રક્રિયાનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રક્રિયાને અપર જીઆઇ એન્ડોસ્કોપી કહેવામાં આવે છે અને આ તપાસ દરમિયાન, એન્ડોસ્કોપને મોં દ્વારા શરીરમાં દાખલ કરી, અન્નનળી અને જઠ્ઠરમાંથી પસાર કરી, ડ્યુઓડેનમ સુધી લઈ જવામાં આવે છે, જેના વડે ડોક્ટર આ બધા અંગોની અંદર જોઈ શકે છે.

### 3. ઇ.આર.સી.પી. (એન્ડોસ્કોપિક રેટ્રોગ્રેડ કોલેંજીઓ પેનક્રીએટોગ્રામ)

આ પ્રક્રિયા, કોમન બાઇલ ડક્ટ કે સામાન્ય પિત્તનળી (પિત્તાશય અને યકૃત માંથી નીકળતી પિત્તનળી જ્યારે ભેગી થઇ જે એક નળી બને છે તે), ગોલ બ્લેડર (પિત્તાશય) અને પેન્ક્રીઆઝ (સ્વાદુપિંડ)માં થયેલ ઘા, ઇજા કે ગાંઠ ને જોવા માટે કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં, પિત્તનળી અને સ્વાદુપિંડની નળીમાં ડાઇ દાખલ કરવામાં આવે છે અને ઘણા બધા એક્સ-રે લેવામાં આવે છે. બાઇલ ડક્ટ સ્ટ્રીકચર (પિત્તનળીમાં અસમાન્ય સંકુચિતતા) કે પિત્તનળી, પિત્તાશય કે સ્વાદુપિંડની નળીમાં પથરી જેવા રોગોનું નિદાન તેમજ તેમની સારવાર એજ સમયે કરવા માં આવે છે.

